નીતિની શીખામણો.

કીમત બે આના.

નીતિનો શીખામણો.

સંગ્રહ કરનાર

ચુનીલાલ બાપુજી મોદી.

દોહરો.

નીત થકી વર્તે જનો, તેની પહોંચે આશ;
નીતિ વણ રઝળી મરે, રખડે પડીને પાશ.

જન સુખરામ.

સુરત "ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ"માં ઘેલાભાઈ બાળકરામે છાપ્યું.

સને ૧૮૮૯.

કીમ્મત બે આના.

નીતિની શીખામણો.

૧ પોતાનું આયુષ્ય સદાચરણમાં કહાડવું એ માણસનું મુખ્ય કામ છે.

૨ જે માણસ પ્રમાણિક છે તે સર્વ લોકોમાં માન પામે છે.

૩ તું તારી સાથે બીજા લોકોનું જે રીતે ચાલવુ ઇચ્છે છે, તેજ રીતે તું તેમની સાથે ચાલ્યા કર.

૪ દુરાચરણી માણસનું ક્યારે પણ ભલું થનાર નથી.

૫ દુષ્ટ કર્મ કરનારા માણસની મોટાઇ ઘણા દહાડા રહેતી નથી.

૬ દુરાચરણથી આઘા રહેવું એ બુદ્ધિમાન માણસનું કામ છે.

૭ નઠારાં કામથી અનેક પ્રકારનાં નુકસાન થાયછે.

૮ પાછળની સારી ચાલ છોડવી નહીં, પણ પાછળની માઠી ચાલ જરૂર છોડવી.

૯ પાણીથી શરીર સ્વચ્છ થાય છે, પણ સુબુદ્ધિ વિના આત્મા પવિત્ર થતો નથી.

૧૦ જેને નઠારાં કર્મો એકાંતમાં લજવતાં નથી, તે માણસ મંડળીમાં નઠારાં કર્મ કરવા માટે વેહેલી લાજ મૂકશે.

૧૧ બીજા કરતાં આપણે થોડું પાપ કર્યું હોય

તોપણ પાપ કર્યાનો સંતોષ કદાપિ માનવો નહીં.

૧૨ જ્યાં સુધી આપણામાં દુર્ગુણ હોય ત્યાં સુખ સુખ થતું નથી. જેમ શરીર ઉપર ફોલ્લો હોય, ત્યાં સુધી આરોગ્યતા થતી નથી તેમ.

વડિલોનું માન.

૧ આપણે મા બાપનું માન રાખતા રહેવું એટલે ઈશ્વરનો આશિર્વાદ પામીશું.

૨ મા, બાપ, ગુરૂ અને ધણી જે કામ કહે તે તરત કરવું, વાયદો કરવો નહીં.

૩ મા બાપ કહે જે તોફાની છોકરાની સોબતમાં ફરીશ નહીં તે માનવામાં આપણું કલ્યાણ છે.

૪ વિદ્યા ભણાવનાર, અન્ન આપનાર અને ભયથી બચાવનાર એ ત્રણે આપણું સારું કરવા વિષે બાપ જેવા કહેવાય છે.

૫ આપણે વડીલોની મર્યાદા રાખીશું તો આગળ જતાં છોકરાં આપણી મર્યાદા રાખશે.

ઉપકાર અને અનુપકાર.

૧ ઉપકાર કરવો એ ગુણી માણસનું કામ છે.

૨ બીજાને દુઃખ દેવામાં મોટું પાપ છે.

૩ જે અનુપકારી ઉપર ઉપકાર કરે છે તે ઉત્તમ પુરૂષ જાણવો.

૪ જે શરણે આવે તેનું રક્ષણ કરવું.

૫ આપણે વગર આશાએ બીજાનું સારૂં કરી-

એ તો ઇશ્વર આપણું સારૂં કરશે.

૬ પરોપકાર કર્યાથી આપણા આત્માને જેમ સંતોષ થાય છે, તેમ બીજી મોજ મઝાથી સુખ થતું નથી.

છોકરાંની વર્તણુંક.

૧ સોળ વરસની વય થાય ત્યાં સુધી છોકરાંઓએ પોતાની બુદ્ધિએ ચાલવું નહીં.

૨ ઘરમાં રહીએ ત્યાં સુધી મા બાપ કહે તેમ ચાલવું અને નિશાળમાં હોઇએ ત્યારે મેહેતાજીની આજ્ઞાએ ચાલવું.

૩ સારો અથવા માઠો જે ગુણ બાળપણથી વળગે તે મરતાં સુધી છુટે નહીં.

૪ કુમળું ઝાડ જેમ વાળીએ તેમ વળે છે, પણ કઠણ થયા પછી [illegible]

૫ નિશાળે જવાની વેળા ચુકાવવી નહીં, દર રોજ જવું.

૬ બધા છોકરાઓ કરતાં હું મારો પાઠ વેહેલો શિખીશ એવું અભિમાન રાખવું.

૭ આજ કેટલું નવું શીખ્યો તેનો દરરોજ વિચાર કરવો. કંઇ પણ નવું શીખ્યા વગર દહાડો જવા દેવો નહીં.

૮ નિશાળે જતાં રસ્તામાં નઠારા છોકરા રમ-

વાંને બોલાવે ને તેમની જોડે રમવાનું મન થાય તો પણ જવું નહીં.

૯ નાનપણમાં સ્મરણ રાખતાં આવડે છે અને મોટપણે વિદ્યાનો અનુભવ થઈ સમાધાન થાય છે.

રીસ.

૧ રીસ લાગવા જેવાં કામ થોડાંજ હોય છે.

૨ રીસ ચઢવાને જેને વાર લાગે તે ઉત્તમ પુરૂષ જાણવો.

૩ મીઠા ભાષણથી જવાબ દીધો તો ટંટો થતો નથી.

ક્ષમા.

૧ તમને કોઇ દુઃખ દે તેને બદલે તમે તેને દુઃખ દેશો નહીં.

ખ્ય કામ છે. [illegible] કરવી એ મોટા માણસનું મુ-

૩ આપણે બીજાના અપરાધ ક્ષમા કરીશું [illegible] ઇશ્વર આપણા અપરાધ ક્ષમા કરશે.

દુર્વ્યસન.

૧ દારૂ, ભાંગ, અફીણ, ગાંજો, ઇત્યાદિ કેફી વસ્તુઓ ખાવી પીવી નહી. કેમકે એથી ઘણાં માણસો ખરાબ થયાં છે.

૨ જુગાર રમાતો હોય ત્યાં ઉભા પણ રહેવું નહીં.

૩ જુગાર અને વ્યભિચારથી ચોરી કરવાની ટેવ પડે છે, ને ચોરી કરતાં જીવ જાય છે અને આપણી સાત પેઢીને બટ્ટા લાગે છે.

૪ જુગારના પૈસાથી આજ સૂધી કોઇ પણ માણસ સુખી થયું નથી.

૫ જુગારથી કેટલાએક દરિદ્રી થયા, કેટલાએકે જીવ ખોયા, અને કેટલાક ફાંસીએ પણ ગયા છે.

૬ નઠારા વ્યસનમાં પૈસો ખરચ્યો એ ફોગટ ગયો એમ સમજવું.

૭ કોઇ સારા માણસને કદાપિ એકાદ નઠારૂં વ્યસન હોય તો તે આપણે સંઘરવું નહીં. તેના ગુણ માત્ર લેવા.

પ્રમાણિક વર્તણુંક.

૧ ચોરી કરવી નહીં. [illegible] ના ક મા-

[illegible] રાખવા એ મોટો ગુન્હો છે.

૩ લાંચ ખાવી નહીં.

૪ ટંટાખોર અથવા ફીતૂરી લોકોની મસલતમાં કદાપિ સામેલ થવું નહીં.

૫ હિસાબ ચોખ્ખો રાખવો.

સાચું બોલવું.

૧ સર્વદા સાચું બોલવાની ટેવ ખાસુખાં રાખવી.

૨ જે માણસો જૂઠું બોલે છે અથવા જુઠી સા-

હેદી પુરે છે, તે ઘણા પાપી છે એમ સમજવું.

૩ જૂઠું બોલવાથી પરમેશ્વરને માઠું લાગે છે.

૪ જૂઠા માણસના બોલવા ઉપર વિશ્વાસ રાખવો નહીં.

૫ હું તારું કામ કરીશ એમ કહીને કોઇને વિશ્વાસ આપ્યો તો તે કામ કરવાને ચુકવું નહીં.

૬ વિશ્વાસ આપીને ઘાત કરવો, એ કરતાં બીજાં મોટાં પાપ થોડાંજ છે.

૭ બોલે કંઇ અને કરે કંઇ એવું માણસ ખરું બોલે તોપણ લોક માને નહીં.

૮ સત્ય ઉપર વ્યવહાર ચાલે છે માટે સત્ય છોડવું નહીં.

૯ ગપ ચલાવવી નહીં.

ચાડી.

૧ [illegible]

૨ કોઇની નિંદા, નકલ અને ચાડા [illegible] વી નહીં.

૩ બીજાના ગુણનાં વખાણ કરતા રહેવું.

લોભ અને ઉદારતા.

૧ જે પોતાના વૈભવનો પોતે એકલોજ ઉપયોગ કરે છે, તેનું જીવતર ફોગટ જાણવું.

૨ લોભી માણસ ઘણા પૈસાની આશાએ પોતાને હોય તે સુખ પણ ખોય છે.

૩ ઉદાર માણસ ઉપર સર્વ લોકોની મમતા હોય છે, માટે તેને પડેલી અડચણ ઘણા દહાડા રહેતી નથી.

૪ ઉદારતા રાખવી પણ ઉડાઉપણું રાખવું નહીં.

અદેખાઇ.

૧ અદેખાઇથી માણસનું શરી-

૨ અદેખું માણસ
વખાણ સાંભળી-
જો-

પોણી બડાઈની વાત આણવી નહીં, એવા બોલવાનું વજન પડતું નથી.

દયા.

૧ જે લોકો દુઃખમાં પડયા હોય તેની ઉપર દયા રાખવી.

ભલાં માણસ પોતાનાં જનાવરનું સારી રીતે

ચા રાખે છે તેના ઉપર

અને મનનું ધણી થઈ બેસે છે.

૬ જો સારૂં કામ કરવાનું મનમાં આવ્યું તો તે તેજ વખત કરવું.

૭ આળસ દરિદ્ર અને દુઃખનું મૂળ છે.

૮ ઉંઘ ઘણી વહાલી કરવી નહીં, કેમકે તેથી દરિદ્ર આવે છે.

સંગતી અને મૈત્રી.

૧ મશ્કરી કરવી એ મિત્રાઈનો શત્રુ છે.

૨ સારાં માણસને મૂકીને નઠારા માણસની દોસ્તી કરવી નહીં.

૩ સારા મિત્ર સાથે કદી બિગાડ કરવો નહીં

૪ મિત્રની પરીક્ષા સંકટની વેળાએ થાય છે.

૫ નઠારે રસ્તે જનારા લોકો ઘણા છે એવું સમજીને તેવાની સાથે જવું નહીં.

૬ સારા માણસનો સ્વભાવ દુષ્ટ માણસની સોબતથી બગડે છે.

૭ જેને સારા માણસો સારો કહે છે, તેની સોબત અને મૈત્રી કરવી.

૮ જેને ઘણા પ્રકારનાં વ્યસન હો[illegible]

પણ [illegible]

૨ જ્ઞાન અને બુદ્ધિનો ધિક્કાર માત્ર મૂર્ખ માણસો કરે છે.

૩ બુદ્ધિમાન છોકરો પોતાના માબાપને સુખ દે છે.

૪ સોના કરતાં શાણપણ સારૂં છે.

૫ મૂર્ખ છોકરાને જોઇને માબાપને નિરંતર દુ:ખ થાય છે.

૫ વિદ્યા વિના ડહાપણ નથી અને ડહાપણ વિના આબરૂ નથી.

૭ વિદ્યાની ગરજ સર્વને પડે છે-

૮ નાનપણમાં જેવી વિદ્યા આવડે છે, તેવી મોટપણે આવડતી નથી. માટે નાનપણમાં વિદ્યાભ્યાસ કરવો.

૯ બીજા ધનને ચોર લઈ જાય છે, પણ વિદ્યા ધનને ચોરની બિક નથી.

૧૦ જેમ અંધારા કરતાં અજવાળું સારૂં દેખાય છે, તેમ અજ્ઞાન કરતાં જ્ઞાન શ્રેષ્ઠ છે.

૧૧ બીજું ધન ખરચ કર્યાથી ઘટે છે પણ વિદ્યા વાપરીએ તેમ વધે છે.

વિદ્યાથી સંતોષ થતો નથી.

૩ જેને પ્રતિષ્ઠા જોઈએ તેણે દુર્ગુણ તજવા અને દુર્જનને ઓળે ઉભા રહેવું નહીં.

કૃતજ્ઞતા.

૧ બીજાના કરેલા ઉપકાર સંભારીને તેની ઉપર પાછો ઉપકાર કરવાની જે ઇચ્છા તે કૃતજ્ઞતા.

૨ કૃતજ્ઞતા કરતાં મનને બીજું વધારે આનંદ પમાડનાર કંઈ નથી.

૩ બીજા સદ્‌ગુણ આચરવા જેવા કઠણ અને દુખદાયક છે, તેવી કૃતજ્ઞતા નથી. પણ તેથી ઉલટો સંતોષ થાય છે.

૪ માણસ માણસની કૃતજ્ઞતા માને છે તો તેના કર્તાની કૃતજ્ઞતા માનવાની તેને કેટલી બધી જરૂર છે?

૫ ઉપકાર કરનારને જે પ્રતિઉપકાર કરે છે તેના કામમાં લોક સંતોષે સહાય થાય છે.

૬ જે પોતાનું સારૂં કરનારને ઉપદ્રવ કરે છે તેનું કોઈ દહાડો ભલું થતું નથી.

સંતોષ.

૧ આપણને પરમેશ્વરે જે આપ્યું છે તેમાં સંતોષી રહેવું, અસંતોષી માણસને કોઇ પણ ... સુખ થતું ...

તેમને સામર્થ્ય ન હોય તો ક્યાંથી લાવી આપે ?

૩ જેનું મન સદા સંતોષી તે ધનવાન અને જેની ઇચ્છા મોટી તે દરિદ્રી.

૪ હું ઘણો દુખિઆરો છું એમ મનમાં આવે તો આપણા કરતાં વધારે દુખિઆરો હોય તેને જોઇને આપણે સમાધાન પામવું.

ભાષણ.

૧ હસતાં હસતાં બોલવું નહીં. ગાર્વિષ્ટપણે બોલવું નહીં.

૨ બોલતાં લજવાવું નહીં; નિર્ભયપણે મર્યાદાથી બોલવું.

૩ હિતકારક અને મીઠું ભાષણ કરવું.

૪ કોઇનો ધિક્કાર કરવો નહીં.

૫ બીજાનું સાંભળી લઇને જવાબ દેવો, વચમાં ઉતાવળ કરીને બોલવુ નહીં.

કરજ.

૧ ઉધાર જનસ આણવાની ટેવ રાખવી નહીં, ખાતું ઘણા દહાડા ચલાવવું નહીં.

૨ જે ઉપજ કરતાં ખરચ વધારે કરે તે કરજ-[illegible] છે.

[illegible] પાછળથી પુ-

હાડો રસ્તામાં આબરૂ લેશે તેના જેવી બીજી શરમ થોડી છે.

ધિરજ.

૧ માણસને ગરીબાઇ, મરણ ઇત્યાદિ અનેક સંકટો આવી પડે છે, તે ખમવામાં ધિરજ રાખવી.

૨ ગાભરા માણસનું મન સંકટમાં ડગમગે છે અને ધિરજવાન માણસનું મન દરિયામાંના ખડકની પેઠે દુઃખમાં ડગમગતું નથી.

ભીખ.

૧ આબરૂદાર માણસને ભીખારી થવા સરખી બીજી લાજ નથી.

૨ શરીરમાં જોર છતાં જે ભીખારી થઇ પેટ ભરે છે, તે જીવતો મુવો એમ જાણવું.

૩ હું મારી મહેનતે મેળવેલા અન્નથી જીવીશ અને મેહેનતે મેળવેલી સંપત્તિએ સુખી થઇશ. એમાંજ મારી આબરૂ છે એવું અભિમાન રાખવું.

૪ આપણાં ગુણ અને મોટાઇ કોઇ પાસેથી ભીખ માગવાથી નાશ પામે છે.

૫ જયાં સુધી નીભે ત્યાં સુધી ભીખ માગવી નહીં અને સદાવ્રતનું અન્ન ખાવં ન...

દ્રવ્ય.

૧ સારા કામથી પૈસા મેળવવા અને તે સારા કામમાં ખરચવા.

૨ દ્રવ્યનું સાર્થક એજ કે પરોપકાર કરવો.

૩ નઠારા કામથી દ્રવ્ય મેળવવું નહીં. નઠારા કામથી મેળવેલા દ્રવ્યનો ઉપયોગ ચાર જણા કરે તોપણ નઠારા કામનું પાપ મેળવનારનેજ લાગે છે.

૪ બીજાની બરોબરી કરવા માટે મમતથી ખરચ કરવો નહીં.

વિચાર.

૧ પેહેલેથી વિચાર કર્યા વગર એકાએક કંઈ પણ કામ કરવા માંડવું નહીં.

૨ કયા ઉપાયથી કયું કામ થશે એ વિચારથી સમજાય છે.

૩ ઘણા પદાર્થ સારા છતાં માઠા અથવા માઠા છતાં સારા દેખાય છે, માટે વિચાર કરવાની ટેવ રાખવી.

૪ અવિચારી માણસ સુખી થતું નથી.

લૂગડાં-ઘરેણાં.

... ... માનવી એ

ઘરેણાંથી આવતી નથી.

દ્રવ્ય સંરક્ષણ.

૧ આપણી પેદાશ કેટલી છે તેનો વિચાર કરી, ને પેદાશ કરતાં ખરચ ઓછો કરતાં જવું.

૨ દુઃખની વેળા સારૂ પૈસાનો સંગ્રહ કરવો.

૩ અગાડી દ્રવ્ય મળવાનું છે તે ઉપર ભરોસો રાખીને આગમચથીજ ખરચ કરવો નહીં.

૪ પૈ પૈ એકઠી કરતાં રૂપિયો થાય છે, માટે પૈની અવગણના કરવી નહીં.

સત્કાળક્ષેપ.

૧ ગયો વખત ફરીથી આવતો નથી માટે વખત ફોગટ જવા દેવો નહીં.

૨ યોગ્ય ઉદ્યોગમાં જે પોતાનો વખત કાઢે છે, તે રંક પ્રણ કોઈ વાર રાજા થાય છે.

૩ જરૂરનાં કામો માણસની પાછળ ઘણાં છે માટે એક પળ પણ ફોકટ જવા દેવી નહીં.

ગાળાગાળી.

૧ જે ગાળો દે છે અથવા નિંદા કરે છે તે પોતાની હલકાઈ પ્રગટ કરે છે.

૨ બોલતાં બોલતાં રીસ ચઢે તોપણ ગાળાગાળી ઉપર આવવું નહીં.

૩ [illegible]

થાય તોપણ આબરૂને બટ્ટો લાગે છે.

હિતનાં વચનો.

૧ કહેલી શીખામણ જે સાંભળતો નથી તેને બેહેરા જેવો જાણવો.

૨ જે ક્રોધને સ્વાધિન થાય તેને આંધળા જેવો જાણવો.

૩ જે સારૂં બોલી જાણતો નથી તેને મુંગા જેવો જાણવો.

૪ જે સારૂં માઠું સમજતો નથી તેને ઢોર જેવો જાણવો.

૫ જેને હાથે પરોપકાર ઘણા થાય છે તેને મોટો જાણવો.

૬ જુવાની, પૈસા અને આયુષ્યના ભરોસા ઉપર જે રહેતો નથી તેને સાવધ જાણવો.

૭ જે સંકટથી ડરતો નથી તેને ધિરજવાન જાણવો.

૮ જેનું મન સ્થિર તે સુખી.

૯ કોઇ આપણાં વખાણ કરે તે ઉપર ભૂલવું નહીં કેમકે પોતાના કામ સારૂ લોક જૂઠું બોલે છે.

૧૦ આપણી પાછળ કોઇ આપણી નિંદા કરે તે સાંભળીને લડવા જવું નહીં; પીઠ પાછળ હલકા લોકો [illegible]ઠું બોલે છે.

[illegible] અનાદર કરવો નહીં

કેમકે કદાચિત કોઇ વેળા આપણી પણ એવી દશા થશે.

૧૨ કોઇ સાથે વેર બાંધવું નહીં.

૧૩ આપણી પાસે દ્રવ્ય હોય તો દોસ્તી કરવા સર્વ આવે છે.

૧૪ સારા લોકની શિખામણનું ભાષણ ઘણું કરીને કઠણ લાગે ખરૂં, પણ તે હિતકારક હોય છે.

૧૫ આપણી છાની વાત ઘણું કરીને કોઇનો વિશ્વાસ રાખીને કહેવી નહીં.

૧૬ છાની વાત સારા મિત્રને કહેવી.

૧૭ આપણી પેદાશ અને ખરચ માંડતા રહેવું, તેણે કરીને માણસ સાવધ રહે છે.

૧૮ વ્યવહારની રીતે શરમ રાખવી નહીં.

૧૯ યુકિતની વાત નાના પાસેથી પણ લેવી.

૨૦ ઘરમેળે કજિયો પતે ત્યાં સુધી સરકારમાં જવાની વાતમાં પડવું નહીં.

૨૧ મુએલા માણસનું સર્વથા ભૂડું બોલવું નહીં.

૨૨ કોઇની છાની વાત ઊઘાડી કરવી નહીં.

૨૩ મેવા મીઠાઇ ખાવાની જીભને ટેવ પાડવી નહીં.

૨૪ બીજાનો કજિયો વેચાતો લેવો નહીં.

૨૫ એક કામ પુરૂં થયા પછી બીજા કામમાં હાથ ઘાલવો.

૨૬ બે જણા વાતો કરતા હોય ત્યાં બોલાવ્યા વગર જવું નહીં.

૨૭ આપણે બીજાને વાત કહેતા હોઇએ અને તે ચિત્ત દઈને સાંભળતો ન હોય તો તેને જોરાવરીથી સંભળાવવી નહીં.

૨૮ આપણે કામમાં હોઇએ અને બીજો કોઇ કામ લઈને આવે તો તેને ખોટી કરવો નહીં.

૨૯ પાંચ દશ કામ એકી વારે કરવા માંડે તે માણસનું એક પણ કામ પુરૂં થતું નથી.

૩૦ આપણે ડાહ્યા થઈને આગળ બોલવા જવું નહીં.

૩૧ આપણે કંઇ વાત ભૂલ્યા એવું મનમાં આવે તો તે કબૂલ કરવું, તે વિશે મિથ્યા વાદ વિવાદ કરવો નહીં.

૩૨ ધણી મમતાથી છોકરાં બગડે છે, માટે સર્વ માણસોએ છોકરાં ઉપર મમતા એવી કરવી કે, જેથી તેમના દુર્ગુણ જઇને તેઓ મોટપણે સદાચરણી થાય.

૩૩ ધણી સદગુણી કે દુર્ગુણી છે તે ઘણું કરીને તેના નોકરો ઉપરથી સમજાય છે. જેવો ધણી તેવા તેના ચાકર હોય છે.

૩૪ શરીરને જેવો જખમ તેવો મનને દુર્ગુણ છે. ઘા રૂઝાય તોપણ નિશાની રહે છે તેમ એક વખત પેઠેલો દુર્ગુણ પોતાની નીશાની રાખે છે. માટે દુર્ગુણથી

રહેવું

બાઇ વેહેલી આવે છે અને ઇજત જાય છે.

૩૬ લોક વિશે સેજ માટે નઠારી કલ્પના કરવી નહીં.

પરમેશ્વર વિશેનાં વચનો.

૧ સવારે અને રાત્રે પરમેશ્વરના ઉપકારનું સ્મરણ કરતા રહેવું.

૨ પરમેશ્વર દયાળુ અને સર્વ પદાર્થોનો દાતા છે, તેજ સર્વ જગતનો ન્યાય કરનાર પણ છે, માટે જે લોકો માડાં કામ કરે છે તેમને શિક્ષા કરશે.

૩ સર્વ માડી કલ્પના માણસને અપવિત્ર કરે છે. કેવળ ખાવા પીવા ઉપર પવિત્રપણું નથી, પણ અંતઃકરણ ઉપર ઇશ્વરની નજર છે.

૪ પરમેશ્વર ઉપર ભરોસો રાખીને સદઉદ્યોગી રહેવું.

૫ પરમેશ્વરે સઘળી વસ્તુઓ સારી ઉત્પન્નકરી છે.

૬ આપણું સારૂં માડું કામ ઇશ્વર જુવે છે. અને આપણું ભાષણ તે સાંભળે છે માટે જે કરવું તે તેનાથી ડરતાં રહીને કરવું.

૭ મનમાં ઇશ્વિરની બીક રાખીને તેની સર્વ આજ્ઞાઓ માનવી.

૮ આપણે પરમેશ્વરે શા સારૂ ઉત્પન્ન કર્યા છે તેનો મન દહાડો વિચાર કરતા રહેવું.

૯ સંસારમાં મોટમ અને નહાનમ પરમેશ્વરની સત્તાથી પ્રાપ્ત થાય છે.